# મહાભારતના રસપ્રદ પ્રસંગો

ધર્મરંગ
વ્યોમા સેલર

એક દિવસ કુંતીમાતાએ પાંડવોને અગિયારસનો ઉપવાસ કરવાનું કહ્યું. ભીમ બહાનાં કાઢવા માંડયો. હું ભૂખ્યો રહી જ ન શકું. ભૂખ્યા રહેવાના વિચારમાત્રથી તેમને નબળાઇ આવવા લાગી. જ્યારે કુંતીમાતાએ ઉપવાસના આગલે દિવસે લાડુ ખાવાની લાલચ આપી ત્યારે ભીમ ઉપવાસ કરવા સંમત થયો.

અગિયારસને દિને પાંડવો કુંતીમાતાની આજ્ઞાથી નદી કિનારે નાહવા તથા શિવજીના મંદિરે પૂજાપાઠ કરવા ગયા. ભીમ સિવાયના બીજા પાંડવો નદીસ્નાન કરીને શિવપૂજા કરવા પહોંચ્યા. આળસવશ ભીમ નદીના પાણીમાં પડખાભેર સૂઇ રહ્યો. ભીમની વિશાળ કાયાથી નદીનું પાણી રોકાઇ ગયું. પાણીનો ભરાવ થવાથી પાણી નજીકના શિવ મંદિરમાં પ્રવેશવા લાગ્યું. આથી સતી પાર્વતીજીએ ભગવાન શિવને આ બાબતે પૂછયું. પાણીનો ભરાવ કેમ થયો? અંતર્યામી શિવજીએ સતીના ઉત્તરમાં કહ્યું કે આ તો મારા એક ભક્તની પૂજા કરવાની રીતભાત છે.

શિવજીએ સાક્ષાત પ્રગટ થઇ ભીમના શરીરના એ ભાગમાં સ્પર્શ કરવાથી શરીરનો આ ભાગ વજ બની ગયો. શરીરનો આ ભાગ વજ જ રહેશે એવું વરદાન શિવજીએ ભીમને આપ્યું.

એક દિવસ દુર્વાસા મુનિ સ્વર્ગના રાજાના મહેમાન થઇને સ્વર્ગમાં પધાર્યા. ઇન્દ્રરાજાએ દુર્વાસા મુનિનો ભવ્ય આદરસત્કાર કર્યો. ત્યાર પછી દુવાર્સા મુનિ ઇન્દ્ર દરબારમાં આંખો બંધ કરીને બેઠા. સ્વર્ગની સૌથી સુંદર અપ્સરા ઉર્વશીએ પોતાના મનમોહન નૃત્ય થકી મુનિને ખુશ કરવા પ્રયત્ન કર્યા. મુનિને ખુશ કરવાનો પ્રયત્ન વ્યર્થ જવાથી નિરાશ થઇને અપ્સરા ઉવર્શીના મુખ થકી શબ્દોમાં ઉચ્ચારણ થયું કે ''જંગલમાં રહેનારા બધાં જંગલી જ હોય છે. એમને નૃત્યની શી સમજ પડે?'' આવા કટુ શબ્દોથી ક્રોધિત થઇને મુનિ દુર્વાસાએ અપ્સરા ઉર્વશીને શ્રાપ આપતા કહ્યું કે પૃથ્વી પર અવતાર લઇ દિવસે ઘોડી થઇ અને રાત્રે સ્ત્રીરૂપ લઇને રહેવું પડશે. આવા શ્રાપથી વિચલિત થઇ ઇન્દ્રના રાજદરબારમાંથી વિદાય લેતા હતા ત્યારે



ઇન્દ્રે દુર્વાસામુનિને ઉર્વશીને આપેલા આ શ્રાપથી મુક્ત કરવા વિનંતી કરી ને કહ્યું કે જ્યારે સાડાત્રણ વજ ભેગા થશે ત્યારે ઉર્વશી સ્વર્ગમાં પાછી આવી જશે.

દુર્વાસાના શ્રાપથી અપ્સરા ઉર્વશી પૃથ્વી પર આવીને દિવસે ઘોડી અને રાત્રે સ્ત્રીરૂપે રહેવા લાગી.

દુર્યોધનના રાજયમાં આવેલ નાના પ્રદેશના રાજા સુંદરીનો રાજા ડાંગવ જંગલમાં શિકાર કરવા નીકળ્યો. અપ્સરા ઉર્વશી પૃથ્વી પર સ્ત્રીરૂપ ધારણ કરી રાત્રે આ જંગલમાં રહેતી હતી. તેના સુંદર રૂપથી મોહિત થઇને રાજા ડાંગવે તેની સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ કર્યો. તેણીએ વચન માગ્યું કે કોઇ પણ કિંમતે તેને તરછોડશે નહીં. આથી ડાંગવ તથા સ્ત્રીરૂપધારી ઉર્વશી સાથે રહેવાં લાગ્યાં.

અમુક સમય પછી નારદજી ઉર્વશીને શ્રાપથી મુક્ત કરવા વિચારવા લાગ્યા. તેઓએ શ્રીકૃષ્ણ ભગવાનના પુત્ર પ્રદ્યુમ્ન પાસે જઇને ડાંગવ તથા સુંદર સ્ત્રીની વાર્તા કહી. પ્રદ્યુમ્ન આ સુંદર સ્ત્રીને પામવા જીદ કરી બેઠો. શ્રીકૃષ્ણ ભગવાન તથા યાદવોએ પ્રદ્યુમ્નને મદદ કરવા ડાંગવ રાજા સાથે યુદ્ધ કર્યું. તેમની ઇચ્છિત સ્ત્રી લાવવા રણે ચડ્યા. રાજા ડાંગવ યાદવની સેના સામે ટકી ન શકવાથી તે દુર્યોધનની મદદ લેવા ગયો પરંતુ તે નિરાશ થઇને પાછો ફર્યો. ત્યાર પછી તે પાંડવો યાદવો સાથે લડવા તૈયાર થયો પણ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ પોતાની સગી ફોઇના દીકરા હોવાથી મદદ કરવાની ના પાડી. ભીમની રાજહઠ હતી કે શરણે આવેલાને મદદ કરવી ક્ષત્રિયનો ધર્મ છે. આથી પાંડવો તથા

> શિવજીએ સાક્ષાત પ્રગટ થઇ ભીમના શરીરના એ ભાગમાં સ્પર્શ કરવાથી શરીરનો આ ભાગ વજ બની ગયો. શરીરનો આ ભાગ વજ જ રહેશે એવું વરદાન શિવજીએ ભીમને આપ્યું

યાદવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું. મહાભયંકર યુદ્ધમાં ભગવાન શ્રીકૃષ્ણનું સુદર્શનચક્ર તથા પાંડવો દ્વારા શિવજીના ત્રિશૂલ ઉપયોગ થવાથી બંને વજનાં શસ્ત્રો આકાશમાં ભયંકર ટકરાવ થવાથી ચારે બાજુ આગ લાગી જવાથી લોકો પોતાનો બચાવ કરવા ભાગવા લાગ્યા તથા ગભરાવા લાગ્યા. આ બંને વજને રોકવાનો કોઇ રસ્તો નહોતો. હનુમાનજીનું શરીર વજનું હતું. જો બંને વજ સાથે જમીન પર પટકાય તો જમીન ફાટી જાય આથી કૃષ્ણે ભીમને વજ અંગના ભાગ થકી જમીન પર આડે પડખે સૂવાની આજ્ઞા કરી. ભીમ વજઅંગ ભાગ આકાશ તરફ રાખી જમીન પર સૂઇ ગયા. ત્યાર પછી હનુમાનજીએ વજનાં આ બે શસ્ત્રોને છૂટાં પાડયાં. તેઓ ભીમના શરીરના વજનાં પડખાં ઉપર પડયા. આ સાથે સાડા ત્રણ વજ ભેગા થવાથી સુદર્શનચક્ર, ત્રિશૂલ અને હનુમાનજીનું વજ શરીર તથા ભીમનું અર્ધ વજ શરીર ટકરાઇને અપ્સરા ઉર્વશી શ્રાપથી

# વડ નીચેના ખડ શું બનવું?

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના કલકત્તાથી, અગ્નિ ખૂણામાં, વિદ્યાધરી નદીના કાંઠે, આશરે 70 km દૂર, બાલી નામનું ગામ છે. નદીઓના ઝૂમખાથી બાલી એક ટાપુ જેવું લાગે! તેની પૂર્વ તરફ છેડે જે વિદ્યાધર નદી વહે છે, તેના કાંઠા પર સંબોધી દાસ બાઉલનો આશ્રમ છે. સંબોધી બાઉલને લાલન બાઉલના અસંખ્ય ગીતો કંઠસ્થ છે, સમજોને, તેઓ લાલનને ઘોળીને પી ગયેલ છે! સંબોધી બાઉલ પોતે પણ એક સુંદર બાઉલગીત રચના કરનાર બાઉલ છે.

આ વખતે અમારી સાથે કલકત્તાથી એક પ્રાધ્યાપક ડો. સુકર્ણ ભટ્ટાચાર્ય આવેલા હતા. તેઓ બાઉલ અને રવીન્દ્રનાથ ઠાકુરના ખૂબ અભ્યાસુ છે. આશ્રમે પહોંચી તેણે સંબોધી સાથે વાત કરી.

તે પ્રાધ્યાપક બોલ્યા, ''બાઉલ! તમે લાલનના ખૂબ જ સુંદર ગીતો ગાયાં છે. તે કર્ણમધુર ગીતો તેટલાં જ લોકપ્રિય છે પરંતુ, હું એમ માનું છું કે તમારે આ દિગ્ગજ લાલન બાઉલની છાયામાંથી બહાર નીકળી જવું જોઈએ! આવો મોટો કલાકાર તમારી મૌલિકતાને અને તમારી નિજી અભિવ્યક્તિને હણી નાખે છે. તમે ફક્ત અને ફક્ત તેનું અને તેના વિચારોનું વાજિંત્ર માત્ર બનીને રહી જશો. ઈશ્વરે દરેક મનુષ્યને અલગ અલગ બનાવ્યા છે તો કંઈક અલગ, કંઈક અનોખું સર્જન કરી અથવા ગાઇ તમારે ઈશ્વરના સર્જનનું સન્માન કરવું જોઈએ.''



પછી થોડો વિરામ લઈ પ્રાધ્યાપક બોલ્યા, ''તમે જાણો છો, અમારા સાહિત્યજગતમાં એવા જ એક મહાકવિ શ્રી રવીન્દ્રનાથ થઈ ગયા. અનેક વર્ષો સુધી લોકો મુગ્ધ થઈ, તેના ગુણગાન ગાતા રહ્યા. પછી કેટલાક નવા સાહિત્યકારોને લાગ્યું કે ગુરુદેવથી મુગ્ધ નહીં, મુક્ત થવું જરૂરી છે! આપણી ભાષા અને સાહિત્યના વિકાસ માટે રવીન્દ્રનાથથી મુક્ત થવા માટેની એક ચળવળ ચાલી. તે લોકો એમ કહેતા કે જેમ મોટા વડની છાયામાં ખડ ઊગતું નથી તેમ આ મહા વટવૃક્ષની છાયામાંથી ભાગી છૂટો! તો જ ઊગી શકશો.''

અત્યાર સુધી બાઉલ શાંતિથી કાન દઈને વાત સાંભળી રહ્યો હતો. હવે બાઉલે કહ્યું, ''તમારી વાત સાચી છે, કવિ ગુરુ રવિ જેમ મહાન લેખક કવિ હતા તેમ અમારા બાઉલ જગતમાં લાલન બાઉલ પણ મહાન બાઉલ હતા. સાધનાથી તેમણે નાતજાતધર્મ વગેરેના સીમાડા ઓગાળી દીધા હતા તેમનું ગાન કરવાથી આપણા ચિત્ત પર ઘેરી અસર થાય છે.''

બાઉલ પછી થોડું રોકાઈને બોલ્યો, ''ગીત, વાતના અભ્યાસથી આપણું નિજી સર્જન અને ગીત તેમના રંગમાં રંગાઈ જાય છે, એ પણ ખરું છે. તે મહાન વૃક્ષ જેવા છે અને તેમની છાયામાં રહેવાથી બીજો વિકાસ અટકી જાય છે, તે વાત પણ સાવ સાચી છે!

પરંતુ તમારો અભિપ્રાય તે સાહિત્યકારનો, સાહિત્ય વિશેનો અભિપ્રાય છે. સાધક અને સાધનાનો વિષય જરા જુદો છે, તેમાં તો નિજ તત્ત્વને કઈ રીતે મનેરમાનુષ ઓગાળવું અને તે ક્યારે ઓગળી જાય તે જ જોવાનું છે!

> અમારે તો ગુરુની છાયમાંથી, છત્રીમાંથી એક ઇંચ પણ બહાર જવું નથી! જે વડની છાયમાં તમે ખડના ન ઊગવાની વાત કહો છો તે સાચી છે પણ અમારે ખડ બની ઊગવું જ નથી!

અમારે અલગ 'નામધારી' બની સર્જક તરીકેના વાજાં વગાડવાના હોતા નથી! અમારે તો ગુરુની છાયમાંથી, છત્રીમાંથી એક ઇંચ પણ બહાર જવું નથી! જે વડની છાયમાં તમે ખડના ન ઊગવાની વાત કહો છો તે સાચી છે પણ અમારે ખડ બની ઊગવું જ નથી!

અમારે તો ગુરુની છાય- છત્રીમાંથી, તેમની કૃપાથી, તેમનામાંથી ફૂટીને વડવાઈ થઈ, ઉપરથી નીચે જમીન પર, તેમની છાયામાં ઊતરવું છે! તેમના અંગભૂત થઈ અને રહેવું છે! તેમની કૃપાથી જો સબળ બનીએ, તો વળાવી બની ગુરુકાર્યમાં ટેકો બનવું છે! ભલા પ્રાધ્યાપક! અમને વડ કે વડવાઈ બનવા મળે તો અમે છુલ્લક ખડ શું કામ બનીએ?''

વાતનું સમાપન કરતા બાઉલ બોલ્યા, ''તમારી માન્યતા તમને મુબારક! અમે તો તે વડની છાયામાં અને છત્રીમાં જ રહીશું અને રહીસહી બચેલી અમારી અકોણી મૌલિકતાને પણ તે ગુરુકૃપાની છાયમાં ઓગાળી દેશું.''

અમને ખડ જેવા સંબોધીની પછવાડે ઉભેલા વિરાટ લાલન બાઉલ જેવો વડ દેખાવા લાગ્યો.